ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

150 YEARS OF CELEBRATING THE MAHATMA

નં.કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૨૧/ № 0050 તા.

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,

મેસર્સ રામહંસ ઇન્ડસ્ટ્રીસ પ્રા.લી.,
સર્વે નં.૯૩, ગામ-અજાપર
અંજાર ભીમાસર હાઇવે,તા- અંજાર-કચ્છ
મોબાઇલ નંબર:-

12 JUL 2021

વિષય:- કેસ નંબર પીજી૦૪/૦૦૧/૨૦૨૦-૨૧

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૪/૦૦૧/૨૦૨૦-૨૧

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. હાલના સમયમાં કોરોના મહામારીનો સમય ચાલે છે તેથી આપનો આ ચુકાદો આપવામાં ઢીલ થયેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, અંજાર
(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, અંજાર રૂરલ -૧

...... ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ ન ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ ન ૨.૫૨ અનુસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

ફરીયાદ નિવારણ ફોરમ ભુજ

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-001-2020-21.

અરજદાર : મે.રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લીમીટેડ
ગામ-અજાપર તા.-અંજાર - જિ.-કચ્છ.

રજૂઆત કરનાર: અરજદારશ્રીના પ્રતિનીધી શ્રી આઈ.એમ.વેલાણી હાજર રહેલ છે .

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી, અંજાર
રજૂઆત કરનાર: ૧) શ્રી જે.એમ.કષ્ટા,કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, અંજાર

## :: ફોરમ ::

૧) શ્રી સી.વી. ઠાકર, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ : ૨૫/૦૨/૨૦૨૧

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લીમીટેડ - ગામ- અજાપર – અંજાર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, અંજાર વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ એચ.ટી. વિજજોડાણ ધરાવે છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રીની રજુઆત છે કે સર્વે નં.૬૩, મોજે ગામ - અજાપર તા. અંજાર ખાતે મેસર્સ રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લીમીટેડના નામે ગ્રાહક નં.૩૧૫૭૯થી એચ.ટી. કેટેગરીનું ૧૦૦ કે.વી.એ.નું વિજ્જોડાણ ધરાવે છે.

૧.3 અરજદારશ્રીની રજુઆત મુજબ આ જોડાણ અગાઉ મેસર્સ રાણીસતી ઓવરસીઝ પ્રા.લિ. નામ બદલી મેસર્સ રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લીમીટેડના નામે કરેલ છે. તે જગ્યા અરજદારશ્રી દ્વારા તા.૧૮/૦૬/૨૦૧૯ના વેચાણે લઇ ડીસે-૨૦૧૯માં નામ બદલી રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લીમીટેડ કરેલ છે.

૧.૪ અરજદારશ્રીની રજુઆત મુજબ માસ જુન-૨૦૧૯ થી નવે -૨૦૧૯ સુધી મહત્તમ વીજમાંગમાં વધરો થયેલ પરંતુ ડીસે-૨૦૧૯ થી ડીસે-૨૦ સુધી તેમણે કરારિત વીજમાંગની મર્યાદામાં વીજવપરાશ કરેલ છે.

૧.૫ અરજદારશ્રીની રજુઆત મુજબ કોરોના મહામારીને કારણે તેઓને વધારાના ૨૫ કેવીએ ના વીજવપરાશ માટે કરારિત વીજમાંગમાં વધારો કરવા માટે ૧,૬૪,૭૦૩/- વધારાના વીજવપરાશ માટે રૂ. ૧,૬૪,૭૦૩/- નું ભાવપત્રક કરારિત વીજમાંગમાં વધારો કરવા માટે વીજબીલમાં ઉધારવામાં આવેલ છે.

૧.૬ આમ, અરજદારશ્રીએ પીજીવીસીએલ કચેરી દ્વારા તા.૨૧/૦૮/૨૦૨૦થી વધારાના લોડ માટે રૂ. ૧,૬૪,૭૦૩/-નું ભાવપત્રકની રકમ એચ.ટી. વીજ્જોડાણમાં ઉધારવામાં આવેલ તે રકમ ભરવામાંથી મુક્તિ મેળવવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ સમક્ષ ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી મે.રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લીમીટેડ સર્વે નં.૬૩ – ગામ- અજાપર તા. અંજાર ગ્રાહક નં.૩૧૫૭૯થી એચ.ટી. કેટેગરીનું ૧૦૦ કે.વી.એ.નું – અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી, અંજાર વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ વિજ્જોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારશ્રી મે.રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લીમીટેડ સર્વે નં.૬૩-ગામ-અજાપરમાં ૧૦૦ કેવીએ કરારિત વીજભાર વાળું વીજ્જોડાણ ધરાવે છે સદર વીજ્જોડાણ અગાઉ મેસર્સ રાણીસતી ઓવરસીઝ પ્રા.લિ.ના નામે હતું. જે વીજ્જોડાણ તા.૧૮/૦૬/૨૦૧૯ના રોજ અરજદારશ્રી દ્વારા વેચાણે લઇ ડીસે-૨૦૧૯માં મેસર્સ રાણીસતી ઓવરસીઝ પ્રા.લિ. થી નામ બદલી કરાવીને રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લીમીટેડ કરેલ છે.

૨.૨ સદર વીજ્જોડાણ ઉપર કરારિત વીજભાર કરતાં વધુ વીજભારનો વધારો કરી જવાની નોટીસ (અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી) પીજીવીસીએલ કચેરી દ્વારા પત્ર (૧) ૨૮૩૦ તા. ૦૯/૦૭/૨૦૧૯ પત્ર (૨) ૩૪૪૨ તા.૦૯/૦૮/૨૦૧૯ (૩) ૩૯૫૭ તા.૦૯/૦૯/૨૦૧૯ (૪) ૫૫૬૫ તા.૨૪/૧૨/૨૦૧૯ પાઠવવામાં આવેલ હતી.

૨.૩ નાણાકીય વર્ષ-૨૦૧૯ માં કરારિત વીજભાર કરતાં (૫% ની મર્યાદા) વધારાનો વીજ વપરાશ કરવા બદલ અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા એક માસની નોટીસ નં.૫૨૮૬ તા.૦૫/૧૨/૨૦૧૯થી અરજદારશ્રીને પાઠવવામાં આવેલ છે.

૨.૪ અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીને વારંવાર નોટીશ પાઠવવામાં આવેલ પરંતુ સદર બાબતે અરજદારશ્રી દ્વારા કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નહી.

૨.૫ અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા GERC ના સપ્લાય કોડ ૨૦૧૫ની કલમ ૪.૯૫ મુજબ નાણાકીય વર્ષમાં ચાર વખત કરારિત વીજભાર કરતાં (૫% ની મર્યાદા) વધુ વીજભારનો વીજ વપરાશ કરવા. કરારિત વીજભાર ૧૦૦ કેવીએ થી વધારે ૧૨૫ કેવીએ કરવા માટેનું ભાવપત્રક રૂ. ૧,૬૪,૭૦૩/- તા.૨૧/૦૮/૨૦૨૦ ના પાઠવવામાં આવેલ છે.

૨.૬ અરજદારશ્રી દ્વારા સદર ભાવપત્રક રૂ.૧,૬૪,૭૦૩/- સમય મર્યાદામાં ભરપાઈ ન થતાં એસ્ટીમેન્ટની રકમ અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીએ મેસર્સ રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લીમીટેડના વિજબીલના ખાતામાં ઉધારવાની ફરજ પડેલ છે.

૨.૭ આમ, અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા GERC ના સપ્લાય કોડ ૨૦૧૫ની કલમ ૪.૯૫ મુજબ કરારિત વીજભાર કરતાં (૫% મર્યાદા) વધારાનો વીજવપરાશ કરવા બદલ કરારિત વીજભાર ૧૦૦ કેવીએ થે ૧૨૫ કેવીએ કરવા માટેનું ભાવપત્રક રૂ.૧,૬૪,૭૦૩/- મેસર્સ રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લીમીટેડ ના બીલના ખાતામાં ઉધારેલ છે.

૨.૮ આમ, અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા GERCના સપ્લાય કોડ ૨૦૧૫ મુજબ જ કાર્યવાહી કરવામાં આવેલ હોઈ ભાવપત્રકમાં મુક્તિ આપી શકાય નહી.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનાર તેમજ સામાવાળાની લેખિત રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદારશ્રી મેસર્સ રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લીમીટેડ સર્વે નં.૬૩ – ગામ- અજાપર તા. અંજાર ગ્રાહક નં.૩૧૫૭૯ નું એચ.ટી. કેટેગરીનું ૧૦૦ કે.વી.એ.નું – અંજાર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, અંજાર વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ વિજ્જોડાણ ધરાવે છે.

3.૨ સદર જગ્યાએ મેસર્સ રાણીસતી ઓવરસીઝ પ્રા.લિ.ના નામે એચ.ટી. વિજ્જોડાણ આવેલ હતું. તા.૧૮/૦૬/૨૦૧૯ના રોજ અરજદારશ્રી દ્વારા ઉપરોક્ત વિજ્જોડાણ વેચાણે લઇ ડીસે-૨૦૧૯માં મેસર્સ રાણીસતી ઓવરસીઝ પ્રા.લિ. થી નામ બદલી મેસર્સ રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લીમીટેડ કરેલ છે.

3.3 સદર વીજજોડાણ ઉપર કરારિત વીજભાર કરતાં વધુ વિજભાર વધારાનો હોઈ તે મુજબ વીજમાંગ માં વધારો કરવાની નોટીસ (અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી) પીજીવીસીએલ કચેરી દ્વારા પત્ર (૧) ૨૮૩૦ તા. ૦૯/૦૭/૨૦૧૯ પત્ર (૨) ૩૪૪૨ તા.૦૯/૦૮/૨૦૧૯ (૩) ૩૯૫૭ તા.૦૯/૦૯/૨૦૧૯ (૪) ૫૫૬૫ તા.૨૪/૧૨/૨૦૧૯ પાઠવવામાં આવેલ છે.

3.૪ સદર વીજજોડાણ ઉપર વ-૨૦૧૯માં ચાર વખત કરારિત વીજભાર કરતાં (૫% ની મર્યાદા) વધુ વીજભારનો વપરાશ કરવા બદલ અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીને નં.૫૨૮૬ તા.૦૫/૧૨/૨૦૧૯થી એક માસની નોટીસ પણ પાઠવવામાં આવેલ છે.

3.૫ અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા GERC ના સપ્લાય કોડ ૨૦૧૫ની કલમ ૪.૯૫ મુજબ વર્ષ-૨૦૧૯માં ચાર વખત કરારિત વીજભાર કરતાં વધુ વીજભારનો વપરાશ થયેલ હોઈ અરજદારશ્રી ને વધારાના વીજ વપરાશ મુજબનું ભાવપત્રક રૂ.૧,૬૪,૭૦૩/- તા.૨૧/૦૮/૨૦૨૦ ના પાઠવવામાં આવેલ છે.

3.૬ સદર બાબતે અરજદારશ્રી દ્વારા કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નહી. તેમજ અરજદારશ્રી ને (૧૦૦ કેવીએ થી ૧૨૫ કેવીએ) ના વીજ વપરાશ કરવા બદલ વધારાના વીજ વપરાશ મુજબનું ભાવપત્રક પાઠવવામાં આવેલ જે ભાવપત્રક પણ સમયમર્યાદામાં અરજદારશ્રી દ્વારા ભરપાઈ ન થતાં એસ્ટીમેન્ટની રકમ અંજાર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા મે.રામહંસ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લીમીટેડ ના બીલના ખાતામાં ઉધારવામાં આવેલ છે.

3.૭ આમ, પીજીવીસીએલ અંજાર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રી ને GERC ના સપ્લાય કોડ ૨૦૧૫ની કલમ ૪.૯૫ મુજબ નાણાકીય વર્ષમાં ચાર વખત કરારિત વીજભાર કરતાં ૫% વધારાના વીજ વપરાશ કરવા બદલ અરજદારશ્રીને (૧૦૦ કેવીએ થી ૧૨૫ કેવીએ)ના વીજ વપરાશ કરવા બદલ જે નિયમાનુસારનું ભાવપત્રક રૂ.૧,૬૪,૭૦૩/-પાઠવવામાં આવેલ છે, આ રકમ ભરવાપાત્ર છે.

3.૮ આમ, અરજદારશ્રીની અરજી ફેંસલ કરવામાં આવે છે.

Joshi. Nitinkumar.
એન. એચ. જોષી
સ્વતંત્ર મેમ્બર

સી.વી. ઠાકર
ચેરપર્સન

<u>નોંધ:</u>

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

PG-04-001-2020-21